# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૫/ક્વા-૪/૨૦૨૦-૨૧/૧૩૩ તા.૨૦.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૫/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી કટારીયા દેવાભાઈ ગોવિંદભાઈ ગામ – વેરાવળ

સબડીવીઝન: વેરાવળ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: શુક્રવાર (૨૬.૦૨.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,મારા ગ્રા.નં. ૮૧૧૦૫/૦૩૬૨૪/૩ તથા મીટર નં. ૭૬૫૧ માં માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૦ નું લાઈટ બિલમાં મને ૧૦૬૮ યુનિટનું બિલ આપેલ છે. જે ખરેખર મારા લાઈટબિલના વપરાશ કરતાં મારા અંદાજે ૮૫૦ થી ૯૦૦ યુનિટ વધારે છે. આ બાબત અનુસંધાને મે પીજીવીસીએલ વેરાવળમાં લેખિત અરજી કરતાં મારૂ જુનું મીટર લઈ જઇ તેની જ્ગ્યાએ નવું મીટર બદલી નાખેલ છે. ત્યારબાદ તેઓશ્રી દ્વારા મને તા. ૨૦/૧૧/૨૦૨૦ ના રોજ લેબોરેટરી ખાતે હાજર રહેવા જણાવતાં હું એ દિવસે હાજર રહેલ હતો. તેઓ દ્વારા મને જણાવેલ કે તમારૂ મીટર બરાબર છે. તો મારો પ્રશ્ન એ હતો કે તો આ વધારે યુનિટ કેમ આવ્યા તો મને આ મીટરનો એમ.આર.આઈ. રિપોર્ટ કાઢી આપવા વિનંતી તેમના લેબોરેટરીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા

મારા મીટર રિપ્લેસમેંટ રોજકામ શીટમાં લેખિતમાં લખી આપ્યું કે આ મીટરનો એમ.આર.આઈ. રિપોર્ટ નિકળી શકે તેમ નથી.

ત્યારબાદ પીજીવીસીએલ-વેરાવળ કચેરીના સક્ષમ અધિકારીશ્રીઓનો સંપર્ક કરતાં મૌખિકમાં જણાવેલ છે કે હવે પછીનું તમારૂ નવા મીટરનું લાઈટબિલ આવી જાવા દો એટલે આપણે સાચી હકીકત મળી જશે ત્યારબાદ મારા નવા મીટરનું તા. ૦૬/૦૧/૨૦૨૧ ના રોજ બિલ આવ્યું જેના યુનિટ ૧૫૦ આવ્યાં જે મારા ખરેખર વપરાશ યોગ્ય છે. અને પછી મે પીજીવીસીએલ-વેરાવળના સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે તમારૂ જુનું મીટર લેબોરેટરીમાં બરાબર આવ્યું છે અને તમારે ૧૦૬૮ યુનિટનું બિલ ભરવું પડશે.

તો આ બાબતે આપ સાહેબનું ધ્યાન દોરતાં જણાવવા માંગુ છું હું ભારત દેશનો નાગરિક છું અને મે ક્યારેય મારૂ લાઇટબિલ કે અન્ય કોઈ પ્રકારના વેરાઓ સમયમર્યાદા બાદ ભર્યા નથી અને મારો સરેરાશ લાઇટબિલનો વપરાશ ૨૦૦ યુનિટ આસપાસનો હોય આ બાબતે મને યોગ્ય ન્યાય આપવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર ગ્રાહક ના મીટર નં. ૭૬૫૧ નું એમ.આર.આઈ રિપોર્ટ ૧૬-૦૨-૨૦૨૧ ના અનુસંધાને ગ્રાહક નું મીટર ડિફેકટિવ જણાયેલ જેથી ગ્રાહક શ્રી ને રૂ.૪૪૨૫.૪૩ રૂપિયા જમા આપવામાં આવેલ છે.જે અંગે ગ્રાહક શ્રી ના પ્રતિનિધિ શ્રી હરેશભાઈ દેવાભાઈ કટારીયા આજરોજ તા. ૨૦.૦૨.૨૦૨૧ ના રોજ તમામ વિગત સમજી તેઓને જમા આપવામાં આવેલ રકમ અંગે સંતોષ વ્યક્ત કરેલ છે. અને સદર ફરિયાદ પરત ખેચવાં સહમત છે.

૨.૧ અરજદાર શ્રી કટારીયા દેવાભાઈ ગોવિંદભાઈ ગામ વેરાવળ માહે સપ્ટે. – ઑક્ટો. ૨૦૨૦ નું લાઈટ બિલ વધારે યુનિટ નું આવેલ છે. તે બાબત ની અરજી માનનીય કન્વીનર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમિતિ ને તારીખ ૧૯-૦૧-૨૦૨૧ નાં રોજ કરવા માં આવેલ જેના અનુસંધાને વેરાવળ કચેરી તરફ થી આ ફરિયાદ નું સુખદ નિવારણ કરી તા-.૨૦-૦૨-૨૦૨૧ નાં રોજ આ ફરિયાદનું નિરાકરણ થતા તા ૨૦-૦૨-૨૦૨૧ નાં રોજ અરજદાર દ્વારા ફોરમ સમિતિ ની ફરિયાદ પરત ખેચવાનો સંમતીપત્રક રજુ કરેલ છે. અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૦-૦૨-૨૦૨૧ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૩ મુજબ પીજીવીસીએલ કંપની ની વેરાવળ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ વેરાવળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૦-૦૨-૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
| --- | --- |
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |